**વેજલપુરમાં વિકાસના દાવા ધોવાઈ ગયા! ગ્રામજનોમાં રોષ, TDOને તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ**

## કે.કે. હાઈસ્કૂલ પાસે ઘૂંટણસમા ગંદા પાણીથી વિદ્યાર્થીઓ નર્કાગાર જેવી સ્થિતિ અનુભવે છે

અધૂરો રોડ, ચોકઅપ ગટરો અને અણઘડ આયોજનથી કે.કે. હાઈસ્કૂલ પાસે વરસાદી પાણી ભરાયા



(પ્રતિનિધિ) કાલોલ, તા.04 વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં ચોમાસાના પ્રથમ જ વરસાદે વિકાસના દાવાઓની પોલ ખોલી નાખી છે. કે.કે. હાઈસ્કૂલ પાસે અધૂરા રોડ, ચોકઅપ ગટરો અને વરસાદી પાણીના યોગ્ય નિકાલના અભાવે ઘૂંટણસમા ગંદા પાણી ભરાઈ ગયા છે. પરિણામે નાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ગંદા પાણીમાંથી પસાર થઈ શાળાએ જવાની ફરજ પડી રહી છે, જેને લઈને વાલીઓ અને ગ્રામજનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, શાળા તરફ જતો મુખ્ય રોડ ઊંચો બનાવવામાં આવ્યો છે, જ્યારે શાળા પાસેનો ભાગ અધૂરો છોડી દેવાતા સમગ્ર વિસ્તારનું વરસાદી પાણી નીચાણવાળા ભાગમાં એકત્ર થઈ જાય છે. રોડના અણઘડ આયોજનને કારણે દર વરસાદે આ સમસ્યા વિકરાળ સ્વરૂપ ધારણ કરે છે.

ગ્રામજનોએ વધુમાં આક્ષેપ કર્યો છે કે ગટરોની નિયમિત સફાઈ કરવામાં આવતી નથી. પરિણામે ગટરો ચોકઅપ થઈ ગઈ છે અને વરસાદી પાણી સાથે ગટરનું ગંદુ પાણી પણ રસ્તા પર ઉભરાઈ રહ્યું છે. ગંદકીના કારણે વિદ્યાર્થીઓમાં ચેપી રોગચાળો ફેલાવાનો ભય ઉભો થયો છે.

ગ્રામજનોનું કહેવું છે કે લાખો રૂપિયાના વિકાસકામો છતાં શાળા જેવા સંવેદનશીલ સ્થળે પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન થવી તંત્રની ગંભીર બેદરકારી દર્શાવે છે. પ્રી-મોન્સૂન કામગીરીના દાવાઓ પણ માત્ર કાગળ પૂરતા જ રહ્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

## વેજલપુર બસ સ્ટેન્ડ પાછળ વરલી મટકાનો જુગાર રમતા બે શખ્સો ઝડપાયા

(પ્રતિનિધિ) કાલોલ, તા.4 વેજલપુર પોલીસ સ્ટેશનના કર્મચારીઓ ખાનગી મોટરસાયકલ પર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા આ દરમ્યાન ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે વેજલપુર બસ સ્ટેન્ડ પાછળ ઝાડીઓમાં એક ઈસમ વરલી મટકાના આંક ફરકનો જુગાર રમાડી રહ્યો છે .બાતમીના આધારે પોલીસે સ્થાનિક બે પંચોના માણસોને સાથે રાખીને બસ સ્ટેન્ડ પાછળ કોર્ડન કરીને રેઈડ કરી હતી. પોલીસને નજીક આવતી જોઈને ત્યાં હાજર જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી જુગારના આંકડા લખનાર અજાણ્યો ઈસમ સાહિત્ય ફેંકીને તથા અન્ય ચાર-પાંચ માણસો ઝાડીઓનો લાભ લઈ નાસી ગયા હતા, જ્યારે પોલીસે સ્થળ પરથી બે ઈસમોને ઝડપી લીધા હતા.

**લીમખેડામાં હીટ એન્ડ રનની ઘટના**

## પીકપ વાનની ટક્કર થી ત્રણ યુવાનોના ઘટનાસ્થળે મોત



**મરણ જનાર યુવાનોના નામ**

**૧ અનિલ નાનજીભાઈ દેવધા**
**૨ સંજયભાઈ સનુભાઇ દેવધા**
**૩ રતનભાઇ કુરબાન ભાઈ દેવધા**
તમામ.રહે.ખીરખાય, તા: લીમખેડા

(પ્રતિનિધિ) લીમખેડા, તા.4 લીમખેડામાં પિકઅપની અડફેટે બાઈક સવાર ૩ યુવકોના કરુણ મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઇ હતી હોસ્પિટલમાં દાખલ સંબંધીની ખબર પૂછીને પરત ફરી રહેલા ૩ યુવકોનો પિકઅપ ચાલકે અડફેટે લેતાં યુવાનો ના ઘટનાસ્થળે જ ત્રણેયના મોત થતાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો લીમખેડા-દાહોદ રોડ પર વિજય હોટલ નજીક પિકઅપ ગાડીના ચાલકે બાઈકને અડફેટે લેતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ૩ યુવકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. આ દુર્ઘટનામાં જીવ ગુમાવનાર ત્રણેય યુવકો લીમખેડાના ખીરખાઈ ગામના રહેવાસી હતા અને કૌટુંબિક ભાઈઓ હતા. અકસ્માત બાદ પિકઅપ ચાલક વાહન લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. મૃતક યુવકોની ઓળખ અનિલ નાનજી દેવધા (ઉં. ૨૧), સંજય સનુ દેવધા (ઉં. ૧૮) અને રતન કુરબાન દેવધા (ઉં. ૧૮) તરીકે થઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ ત્રણેય યુવકો લીમખેડા યુનિટ હોસ્પિટલમાં દાખલ પોતાના સંબંધી વિકાસના ખબર-અંતર પૂછવા આવ્યા હતા. વિકાસ અને મૃતક સંજય સગા ભાઈઓ છે. હોસ્પિટલમાંથી મુલાકાત પૂર્ણ કરીને ત્રણેય યુવકો પરત પોતાના ગામ ખીરખાઈ જઈ રહ્યા હતા ત્યારે વિજય હોટલ નજીક પૂરપાટ ઝડપે આવતી પિકઅપ ગાડીએ તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે બાઈક સવાર ત્રણેય યુવકોને ગંભીર ઈજાઓ પહોંચતા સ્થળ પર જ તેમનું કરુણ મૃત્યુ થયું હતું.

અકસ્માતની જાણ થતા જ આસપાસના લોકોના ટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની ગંભીરતાને જોતા લીમખેડા મામલતદાર અનિલ વસાવા અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.બી. ખરાડી પોતાના સ્ટાફ સાથે તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. પોલીસે મૃતદેહોનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટેની કાર્યવાહી હાથ ધરી છે.

**સેશન કોર્ટ પાસે વહીવટી તંત્રનું મેગા અભિયાન**

## હાલોલમાં સરકારી જમીન પર ગેરકાયદે દબાણો પર બુલડોઝર

પાવાગઢ રોડ પર મામલતદારની હાજરીમાં JCBથી દબાણો દૂર; પોલીસ બંદોબસ્ત વચ્ચે કાર્યવાહી



(પ્રતિનિધિ) હાલોલ, તા.2 હાલોલના પાવાગઢ રોડ પર સેશન કોર્ટની બાજુમાં આવેલી સરકારી જમીન પર થયેલા ગેરકાયદે દબાણો સામે વહીવટી તંત્રે કડક કાર્યવાહી હાથ ધરી હતી. મામલતદાર અને અન્ય અધિકારીઓની હાજરીમાં વિશેષ અભિયાન ચલાવી JCB અને ટ્રેક્ટરની મદદથી તમામ અનધિકૃત દબાણો દૂર કરવામાં આવ્યા હતા. અધિકારીઓના જણાવ્યા મુજબ, આ વિસ્તારમાં અગાઉ પણ ગેરકાયદે દબાણો દૂર કરવામાં આવ્યા હતા, છતાં ફરીથી સરકારી જમીન પર અનધિકૃત બાંધકામો ઉભા કરવામાં આવ્યા હતા. જેના પગલે ફરી એકવાર દબાણ હટાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. કાર્યવાહી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. સમગ્ર કામગીરી શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ કરવામાં આવી હતી. આ કાર્યવાહી બાદ સરકારી જમીન પર ગેરકાયદે કબજો જમાવી બેઠેલા અન્ય દબાણકારોમાં પણ ફફડાટ ફેલાયો છે. વહીવટી તંત્રએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે સરકારી મિલકતો પરના ગેરકાયદે દબાણો સામે આવી કાર્યવાહી આગામી સમયમાં પણ યથાવત રહેશે.

## કાલોલના વાછાવાડ ગ્રામ પંચાયતના વિકાસના કામોમાં ગેરરીતિની આશંકા

ગુજરાત તકેદારી આયોગ એક્શનમાં, DDO પંચમહાલ પાસે માંગ્યો

(પ્રતિનિધિ) કાલોલ, તા.4 પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાની વાછાવાડ ગ્રામ પંચાયતમાં સરકારશ્રીના વિકાસના કામો અધૂરા અને અત્યંત હલકી ગુણવત્તાવાળા રાખવામાં આવ્યા હોવાની ગંભીર ફરિયાદ સામે આવી છે. જ્યાં સુધી જૂના કામોની યોગ્ય તપાસ ન થાય ત્યાં સુધી પંચાયતમાં કોઈ પણ નવું કામ ન કરવા બાબતે ગુજરાત તકેદારી આયોગ (ગુજરાત વિજિલન્સ કમિશન) સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી.અરજદાર વિરેન્દ્રકુમાર બુધાભાઈ પરમાર (રહે. ખેડા-વાછાવાડ, તા. કાલોલ, જિ. પંચમહાલ) દ્વારા ગત ૨૮/૦૨/૨૦૨૬ના રોજ ગુજરાત તકેદારી આયોગને એક લેખિત અરજી કરવામાં આવી હતી. જેમાં વાછાવાડ ગ્રામ પંચાયતના વિકાસ કાર્યોમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને હલકી ગુણવત્તાનું મટીરીયલ વપરાયું હોવાના આક્ષેપ સાથે તપાસની માંગ કરવામાં આવી હતી.આ ગંભીર રજૂઆતને પગલે ગુજરાત તકેદારી આયોગ સક્રિય થયું છે.

આયોગના સેક્શન અધિકારી રાહુલ મકવાણા દ્વારા સત્તાવાર પત્ર જાહેર કરીને આ મામલે કડક પગલાં લેવાની દિશામાં કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.અરજદારની રજૂઆત સંદર્ભે જિલ્લા વિકાસ અધિકારી પંચમહાલ જિલ્લા પંચાયત કચેરી, ગોધરા પાસેથી આ સમગ્ર મામલાનો વિગતવાર તપાસ અહેવાલ મંગાવવામાં આવ્યો છે.

**વેજલપુરમાં જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ**

## મેડીકલ સ્ટોરમાંથી પ્રતિબંધિત ઉંદર પકડવાના ગ્લુ બોર્ડ ઝડપાયા

(પ્રતિનિધિ) કાલોલ, તા.4 કાલોલ તાલુકાના વેજલપુર ટાઉન વિસ્તારમાં પોલીસ પેટ્રોલીંગ દરમિયાન એક મોટી કાર્યવાહી કરવામાં આવી છે. વેજલપુર મેઈન બજારમાં આવેલા 'આનંદ મેડીકલ એન્ડ જનરલ સ્ટોર્સ' માં મેડીકલ દવાઓની આડમાં ગેરકાયદેસર અને પ્રતિબંધિત ઉંદર પકડવાના ગ્લુ ટ્રેપ (ગ્લુ બોર્ડ) નું વેચાણ થતું હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી મુદ્દામાલ જપ્ત કર્યો છે અને વેપારી વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વેજલપુર પોલીસ સ્ટેશનના કર્મચારીઓ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટર જી. કે. વહુનિયાને ખાનગી રાહે બાતમી મળી હતી કે ધર્મેશ્વર મહાદેવ રોડ પર આવેલી આનંદ મેડીકલ એન્ડ જનરલ સ્ટોર્સમાં પ્રતિબંધિત ગ્લુ ટ્રેપ વેચાઈ રહ્યા છે.

બાતમીના આધારે પોલીસે સ્થાનિક પંચોને સાથે રાખીને મેડીકલ સ્ટોર પર દરોડો પાડ્યો હતો. દુકાનના માલિક સંદિપકુમાર સતિષકુમાર શેઠ (ઉં.વ. ૫૭) ની હાજરીમાં સ્ટોરેજ રેકની તપાસ કરતા ત્યાંથી ઉંદર પકડવાના ગેરકાયદેસર ગ્લુ બોર્ડ મળી આવ્યા હતા. પોલીસે પંચોની રૂબરૂમાં દુકાનમાંથી TRUBBLE GUM ગ્લુ બોર્ડઃ નંગ-૫ (કુલ કિંમત રૂ. ૩૦૦/-),ASOOR MOUSE | RAT ગ્લુ ટ્રેપઃ નંગ-૨ (કુલ કિંમત રૂ. ૧૨૦/-) કુલ મુદ્દામાલઃ ૭ નંગ ગ્લુ બોર્ડ, જેની કુલ કિંમત રૂ. ૪૨૦/- ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરના પત્ર અન્વયે કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ-ગોધરાની કચેરી દ્વારા ૨૦ મે ૨૦૨૬ ના રોજ ગ્લુ ટ્રેપના ઉપયોગ અને વેચાણ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. આરોપી સંદિપકુમાર શેઠે આ જાહેરનામાનો સરેઆમ ભંગ કર્યો હોવાનું જણાતા તેમની સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

**ગોધરા વરસાદમાં નિરાધાર બનેલાની વહારે આવી સરકાર**

## અસરગ્રસ્તોને પંચાયત દંડકના હસ્તે સહાય ચેક અર્પણ કરાયા



(પ્રતિનિધિ) ગોધરા, તા.4 ગોધરા તાલુકામાં ગત માસમાં આવેલા ભારે વાવાઝોડા અને અવિરત વરસાદને કારણે ગ્રામ્ય વિસ્તારોમાં નુકશાન થવા પામ્યું હતું. આ કુદરતી આપત્તિમાં મકાન નુકસાની વેઠનાર ગોધરા તાલુકાના બખ્ખર અને બોડીદ્રા બુઝુર્ગ ગામના અસરગ્રસ્ત પરિવારોને પંચમહાલ જિલ્લા પંચાયતના દંડક જયશ્રીબેન પરમાર, પૂર્વ શિક્ષણ સમિતિના ચેરમેન તથા દિલીપસિંહ વણઝારાના હસ્તે આર્થિક સહાયના ચેક અને મંજૂરી હુકમો એનાયત કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકારના મહેસુલ વિભાગના પ્રવર્તમાન ઠરાવો અને સ્થાનિક વહીવટી તંત્રના તપાસ અહેવાલના આધારે, તાલુકા વિકાસ અધિકારી દ્વારા આર્થિક સહાયના હુકમો જારી કરાયા હતા. જે અન્વયે બોડીદ્રા બુઝર્ગ ગામના લાભાર્થી બારીઆ હસમુખભાઈ ભરતભાઈને મકાનને થયેલા અપૂર્ણ નુકશાન પેટે રૂપિયા ૩૧,૨૦૦ ની સહાય તથા બખ્ખર ગામના લીલાભાઈ દીપસિહ નાયકને રૂપિયા ૧૮,૨૫૦ ની આર્થિક સહાય ચૂકવવામાં આવી છે. મંજૂર થયેલી આ રકમ નિયમાનુસાર સીધી જ લાભાર્થીઓના બેંક ખાતામાં (DBT દ્વારા) જમા કરવામાં આવશે.

## ભીતોડી પ્રાથમિક શાળામાં ડો. એલ.એન.ચંદાણા દ્વારા નોટબુકોનું વિતરણ



(પ્રતિનિધિ) સુખસર, તા.4 સુખસર તાલુકાની ભીતોડી પ્રાથમિક શાળામાં બાલવાટિકા થી ધોરણ આઠમાં કુલ 204 બાળકો અભ્યાસ કરે છે.આ તમામ બાળકોને ધોરણ અનુરૂપ બાલવાટિકામાં દરેક બાળકને બે ખાનાવાળી નોટો,ધોરણ 1 અને 2 માં બે લીટી વાળી નોટો, ધોરણ 3 માં ત્રણ નોટો ,ધોરણ 4 માં ચાર નોટો,ધોરણ 5 માં પાંચ નોટો અને ધોરણ છ થી આઠમાં સાત ચોપડા મળી કુલ 949 જેટલી નોટો અને ચોપડાનું વિતરણ આસપુર ગામના વતની ડોક્ટર એલ .એન ચંદાણા દ્વારા રૂબરૂ શાળામાં પોતાના પરિવાર સાથે આવીને વિતરણ કરવામાં આવ્યું હતુ.

**સાંસદ જસવંતસિંહ ભાભોરે લીમખેડા ગરનાળાની મુલાકાત લીધી**

## પશ્ચિમ રેલવેના રતલામ ડિવિઝનના DRM સાથે સ્થળ નિરીક્ષણ કર્યું



(પ્રતિનિધિ) દાહોદ, તા.4 દાહોદના સાંસદ જસવંતસિંહ ભાભોરે લીમખેડા-ઝાલોદ હાઈવે પર આવેલા બ્રિટિશકાલીન રેલવે ગરનાળાની મુલાકાત લીધી હતી. પશ્ચિમ રેલવેના રતલામ ડિવિઝનના DRM સાથે તેમણે સ્થળ નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાતનો મુખ્ય હેતુ વર્ષોથી સર્જાતી ટ્રાફિક સમસ્યાનો કાયમી ઉકેલ શોધવાનો હતો." "આ હાઈવે રાજસ્થાનને જોડતો વ્યસ્ત માર્ગ છે, જ્યાં દરરોજ હજારો વાહનોની અવરજવર રહે છે. ગરનાળું અત્યંત સાંકડું હોવાથી વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. સાંસદે રેલવેના ઉચ્ચ અધિકારીઓ સાથે ઘટનાસ્થળે પહોંચીને પરિસ્થિતિનું સઘન નિરીક્ષણ કર્યું હતું. મુલાકાત દરમિયાન બ્રિજના સાંકડા માર્ગને કારણે થતા ટ્રાફિક જામ, અકસ્માતનું જોખમ અને ઈમરજન્સી સેવાઓમાં થતા વિલંબ જેવી બાબતો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. સ્થાનિક નાગરિકો દ્વારા ગરનાળું પહોળું કરવાની વર્ષો જૂની માંગણી અંગે સાંસદે રેલવે અધિકારીઓ સાથે ટેકનિકલ પાસાઓ પર વિસ્તૃત ચર્ચા કરી હતી."

## સિંગવડ તાલુકા સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે મંજુલાબેન ચૌહાણની વરણી



(પ્રતિનિધિ) સિંગવડ, તા.5 સિંગવડ તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે શ્રીમતી મંજુલાબેન સુરેશભાઈ ચૌહાણની સર્વાનુમતે નિયુક્તિ થતા સમગ્ર તાલુકા લોકો દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી જ્યારે તાલુકાના પૂર્વ તાલુકા સભ્ય સુરેશભાઈ ભૂરાભાઈ ચૌહાણ રાજકીય-સામાજિક અનુભવનો લાભ પણ તાલુકાને મળશે. સામાજિક આગેવાનો, પદાધિકારીઓ અને કાર્યકરોએ બંનેને ફૂલહારથી સન્માનિત કરી શુભેચ્છા પાઠવી હતી.

**વારંવારના ધક્કાથી ગ્રાહકો પરેશાન**

## ઝાલોદ BOB શાખામાં KYC અપડેટ સહિતની બેન્કિંગ સેવાઓ ખોરંભે ચડી



(પ્રતિનિધિ) દાહોદ, તા.4 ઝાલોદ તાલુકાની બેંક ઓફ બરોડા (BOB) શાખામાં KYC અપડેટ, મોબાઈલ નંબર નોંધણી, આધાર લિંકિંગ સહિતની બેન્કિંગ સેવાઓમાં છેલ્લા ઘણા સમયથી ભારે વિલંબ થતાં ગ્રાહકોને વારંવાર ધક્કા ખાવા પડી રહ્યા હોવાની ગંભીર ફરિયાદ સામે આવી છે. ગ્રાહકો ના જણાવ્યા મુજબ છેલ્લા 4 થી 5 દિવસથી સતત બેંકના ધક્કા ખાવા છતાં તેમના કામ પૂર્ણ થતા નથી. બેંક દ્વારા યોગ્ય માહિતી કે નિશ્ચિત સમય મર્યાદા આપવામાં આવતી નથી, જેના કારણે ગ્રાહકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. ઝાલોદ તાલુકાના અંતરિયાળ અને આદિવાસી વિસ્તારો માંથી ખેડૂતો, મજૂરો, મહિલાઓ, વૃદ્ધો, વિદ્યાર્થીઓ તેમજ રોજિંદા કામ ધંધા સાથે જોડાયેલા લોકો દૂર- દૂરથી બેંક સુધી પહોંચે છે. વાહન ભાડું, સમય અને આવક નું નુકસાન સહન કર્યા છતાં કામ પૂર્ણ ન થતાં તેઓ આર્થિક તેમજ માનસિક રીતે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.ઝાલોદ વિસ્તાર 90 ટકાથી વધુ આદિવાસી વસ્તી ધરાવતો હોવાથી અહીંના લોકો ખેતી, મજૂરી અને નાના વ્યવસાય સાથે સંકળાયેલા છે. આવા સંજોગોમાં બેન્કિંગ સેવાઓ સરળ, ઝડપી અને સમયસર ઉપલબ્ધ રહેવી અત્યંત જરૂરી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે

**બે તાલુકાના ૫ લાખ લોકોને મોટી રાહત**

## વેજલપુર ચોકડીથી સીમલીયા ચોકડી સુધીના રોડનુ કામકાજ પુરજોશમાં



(પ્રતિનિધિ) કાલોલ, તા.4 કાલોલ અને ઘોઘંબા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોને જોડતા વેજલપુર ચોકડીથી સીમલીયા ચોકડી (વાયા ચલાલી-કરોલી) સુધીના ૧૫ કિલોમીટર લાંબા માર્ગની કામગીરી હાલ પુરજોશમાં ચાલી રહી છે. અંદાજે રૂ. ૩૫ કરોડના ખર્ચે બની રહેલા આ અદ્યતન રોડને કારણે આ પંથકના ગ્રામજનો અને વાહનચાલકોમાં ભારે આનંદ અને રાહતની લાગણી વ્યાપી ગઈ છે.પંચમહાલના સાંસદ રાજપાલસિંહ જાદવના માદરે વતન વિસ્તાર ગણાતા વેજલપુરથી ચલાલી-કરોલી સુધીનો રોડ છેલ્લા ઘણા વર્ષોથી અત્યંત બિસ્માર હાલતમાં હતો. જેને પગલે સ્થાનિક સાંસદ અને ધારાસભ્યના સંયુક્ત પ્રયાસોથી આ માર્ગને નવી મંજૂરી અપાવવામાં આવી હતી. હવે સ્ટેટ વિભાગ દ્વારા આ સમગ્ર માર્ગનું નવું સીમાંકન કરીને તેને સાડા સાત મીટર જેટલો પહોળો કરવામાં આવી રહ્યો છે.

## દાહોદ પોલીસ મથકે ત્રાસી ગયેલી ૨૦ વર્ષીય પરણીતાએ પતિ સહિત ચાર સાસરિયા સામે ફરિયાદ નોંધાવી

દાહોદ : ધાનપુર તાલુકાના કાકડખીલા ગામે ખેડા ફળિયામાં રહેતા ઝીથરાભાઈ પોતાના પતિ સસરા તેમજ ભુરિયાની દીકરી ૨૦ વર્ષીય રસીલાબેનના લગ્ન મધ્યપ્રદેશના આલીરાજપુર જિલ્લાના ચંદ્રશેખર આઝાદ તાલુકાના મથાણા ગામે રહેતા દલુભાઈ ભુરલાભાઈ મકવાણાના દીકરા સુરેશભાઈ મકવાણા ખાતે તારીખ ૨૪-૪-૨૦૨૬ ના રોજ સમાજના રીતરિવાજ મુજબ થયા હતા. પછી સુરેશભાઈ અવારનવાર દારૂ પીને આવી ઝઘડો તકરાર કરી છુટાછેડા લેવા દબાણ કરી રોજેરોજના ત્રાસથી કંટાળી રસીલાબેન પોતાના સાસરેથી કંટાળી પિયરમાં પોતાના પિતાના ઘરે આવી જઈ આ સંબંધે પતિ સહિત અન્ય ચાર વિરુદ્ધ દાહોદ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

**જાહેર નોટીસ** અરજદાર તરફે વિ.વ.શ્રી,

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર લીમખેડાની કોર્ટમાં
કેસ.નં.૧૧૫/૨૦૨૬ તા.૦૨/૦૭/૨૦૨૫

અરજદાર : ચૌહાણ નિલેશભાઇ ઘનશ્યામસિંહ
સરનામુ: રહે.દાંતીયા, તા.લીમખેડા, જિ.દાહોદ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, દાંતીયા, તા.લીમખેડા, જિ.દાહોદ

જન્મ-મરણની અધિનિયમની કલમ : ૧૩ (૩)મુજબની જન્મની નોંધણી કરવા બાબત

આથી તમામ લાગતા વળગતા ઇસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ચૌહાણ નિલેશભાઇ ઘનશ્યામસિંહ, રહે. દાંતીયા, તા.જિ.દાહોદએ તેમના પોતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૮ના રોજ દાંતીયા, તા.લીમખેડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારનો જન્મ થયેલ ત્યારે તેઓના જન્મની નોંધ તલાટી કમ મંત્રીશ્રી, દાંતીયા, તા.લીમખેડા, જિ.દાહોદના જન્મ નોંધણી રજીસ્ટરમાં કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પોતાના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદારે જન્મ- મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઇસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૩૦ (ત્રીસ) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ ધ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

આજ તા.02, માહે : જુલાઇ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર લીમખેડા

**જાહેર નોટીસ** અરજદાર તરફે વિ.વ.શ્રી

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર લીમખેડાની કોર્ટમાં
કેસ.નં.૧૧૬/૨૦૨૬ તા.૦૨/૦૭/૨૦૨૫

અરજદાર : ચૌહાણ હિતેશભાઇ ઘનશ્યામસિંહ
સરનામુ: રહે.દાંતીયા, તા.લીમખેડા, જિ.દાહોદ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, દાંતીયા, તા.લીમખેડા, જિ.દાહોદ

જન્મ-મરણની અધિનિયમની કલમ : ૧૩ (૩)મુજબની જન્મની નોંધણી કરવા બાબત

આથી તમામ લાગતા વળગતા ઇસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ચૌહાણ હિતેશભાઇ ઘનશ્યામસિંહ, રહે. દાંતીયા, તા.જિ.દાહોદએ તેમના પોતાનો જન્મ તા.૧૨/૦૫/૨૦૦૩ના રોજ દાંતીયા, તા.લીમખેડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારનો જન્મ થયેલ ત્યારે તેઓના જન્મની નોંધ તલાટી કમ મંત્રીશ્રી, દાંતીયા, તા.લીમખેડા, જિ.દાહોદના જન્મ નોંધણી રજીસ્ટરમાં કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પોતાના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદારે જન્મ- મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઇસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૩૦ (ત્રીસ) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ ધ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે. જે અંગે નોંધ લેશો.

આજ તા.02, માહે : જુલાઇ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર લીમખેડા

**જાહેર નોટીસ** અરજદાર તરફે વિ.વ.શ્રી

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર લીમખેડાની કોર્ટમાં
કેસ.નં.૧૧૪/૨૦૨૬ તા.૦૨/૦૭/૨૦૨૫

અરજદાર : ચૌહાણ પુષ્પાબેન ઘનશ્યામસિંહ
સરનામુ: રહે.દાંતીયા, તા.લીમખેડા, જિ.દાહોદ
સામાવાળા : સમાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, દાંતીયા, તા.લીમખેડા, જિ.દાહોદ

જન્મ-મરણની અધિનિયમની કલમ : ૧૩ (૩)મુજબની જન્મની નોંધણી કરવા બાબત

આથી તમામ લાગતા વળગતા ઇસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ચૌહાણ પુષ્પાબેન ઘનશ્યામસિંહ, રહે. દાંતીયા, તા.જિ.દાહોદએ તેમના પોતાનો જન્મ તા.૨૧/૦૬/૨૦૦૦ના રોજ દાંતીયા, તા.લીમખેડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારનો જન્મ થયેલ ત્યારે તેઓના જન્મની નોંધ તલાટી કમ મંત્રીશ્રી, દાંતીયા, તા.લીમખેડા, જિ.દાહોદના જન્મ નોંધણી રજીસ્ટરમાં કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પોતાના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદારે જન્મ- મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઇસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૩૦ (ત્રીસ) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ ધ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

આજ તા.02, માહે : જુલાઇ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર લીમખેડા